ભાવનગરમાં પુલવામાના શહિદોને શ્રધ્ધાંજલી અપાઇ

ભાવનગર શહેરમાં પાનવાડી ચોક વિસ્તારમાં પુલવામાના શહિદોને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આજથી ચાર વર્ષ પહેલા પાકિસ્તાન પ્રેરીત ત્રાસવાદી દ્વારા કાશ્મીરના પુલવામામા ભારતીય સૈન્યના બહાદુર સિપાહીઓ પર જીવલેણ હુમલો કરાયો હતો. આ હુમલામાં મોટી સંખ્યામાં સૈનિકોએ શહાદત વ્હોરી હતી. તેમને અંજલી આપવા માટે શહેરીજનો ઉમટી પડયા હતા. (તસવીર : કુંદન મકવાણા)

સણોસરા ગામના યુવાનને શખ્સે છરીનો ઘા ઝીંક્યો

સિહોર : શિહોર તાલુકાના સણોસરા ગામે રહેતા રાજુભાઈ નાનુભાઈ રાઠોડ (ઉંમર વર્ષ ૪૫) તેના ભાઈ વગેરે બેઠા હતા. તે અરસામાં અચાનક સામે બેઠેલા મિત્રો સાથે બોલાચાલી થતા રાજુભાઈને માર મરાતા ઈજા પહોંચી હતી. દરમિયન તેઓને સારવાર માટે સિહોર સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યા તેણે જણાવ્યું હતુ કે, તેના જ ગામના શખ્સે છરીનો ઘા મારી દિધો હતો.

વલ્લભીપુર નગરપાલિકા
જી. ભાવનગર

ઓનલાઇનજાહેરનિવિદા

વલ્લભીપુર નગરપાલિકાને ઈ-ટેન્ડરીંગ દ્વારા મંજુર થયેલ નલ સે જલ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે યોગ્ય શ્રેણીમા નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઇન ભાવો મંગાવવામા આવે છે (બીજો પ્રયત્ન).

અંદાજીતરકમરૂ. ૧,૨૮,૨૭,૫૭૬/-	કામનીસમયમર્યાદા ૧૨(બાર)-માસ
ઇ.એમ.ડી. – રૂ. ૧૨૮,૨૭૬.૦૦	ટેન્ડરફી – રૂ.૩૬૦૦.૦૦
વેબસાઇટનુ નામ	www.nprocure.com
ટેન્ડરડાઉનલોડતથાઅપલોડમાટેનીછેલ્લીતારીખ અને સમય	૦૩/૦૩/૨૦૨૩ ના૧૮:૦૦કલાકે
ટેન્ડરડોક્યુમેન્ટપહોંચતાકરવનીછેલ્લીતારીખઅને સમય	૧૦/૦૩/૨૦૨૩ના૧૫:૦૦કલાકે,ચીફઓ ફીસર,વલ્લભીપુર નગરપાલીકા, જી. ભાવનગર
ટેક્નીકલબીડખોલવાનીતારીખ	૧૩/૦૩/૨૦૨૩ ના ૧૧:૦૦કલાકે
પ્રાઇઝબીડખોલવાનીતારીખ	૧૩/૦૩/૨૦૨૩ ના ૧૧:૩૦કલાકે (શક્ય હશે તો)

ભાવપત્રકોhttps://www.nprocure.comવેબસાઇટઉપરથી૧૬-૦૩-૨૦૨૩નાબાદડાઉનલોડકરીશકાશે, હવે પછીની બધીજ આનુસાંગિક માહિતી નોટીફીકેશન અને સુધારા-વધારા ઉપર નિર્દિષ્ટ વેબસાઇટ ઉપર મુકવામાં આવશે, સદર કામ અંગેના તમામ હક્કઅધીકાર નગરપાલીકાને અબાધીત રહેશે.

(કે.જે. પટેલ) ચીફઓફિસર વલ્લભીપુરનગરપાલિકા
(એચ.કે.પરમાર) પ્રમુખ વલ્લભીપુરનગરપાલિકા

માહિતી/ભાવ./૧૧૪૩/૨૩

આજથી ૧૯ ફેબ્રુઆરી સુધી પાંચ દિવસીય શિક્ષણ સજ્જતા સંગોષ્ઠી

। ભાવનગર ।

સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા કળસાર તથા થોરડી સંસ્થાઓમાં 'કૃત્રિમ બુદ્ધિમત્તા' વિષય પર પાંચ દિવસીય શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિ આયોજન થયું છે જેમાં વિવિધ વકતાઓનું માર્ગદર્શન મળનાર છે. તા.૧૫ ફેબ્રુઆરી થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ભાવનગર જિલ્લાના કળસાર ખાતે ત્રિવેણી તીર્થ ઉત્તર બુનિયાદી વિદ્યાલય તથા અમરેલી જિલ્લાના થોરડી ખાતે લોકવિદ્યા મંદિર ખાતે શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિ (રેલી) આયોજન થયું છે.

કળસાર ખાતે બુધવારે સવારે ઉદઘાટન સંમેલનમાં અરુણભાઈ દવે, શ્રી પંકજકુમાર શુકલ તથા રાજેન્દ્રભાઈ ખીમાણી અને થોરડી ખાતેનાનુભાઈ શિરોયા તથા ખોડાભાઈ ખસિયા મુખ્ય ઉપસ્થિતિમાં રહેનાર છે.રવિકૃપા સંસ્થાના સૌજન્ય સાથે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ (આંબલા) દ્વારા 'કૃત્રિમ બુદ્ધિમત્તા' વિષય પર પાંચ દિવસીય શિક્ષણ સજ્જતા સંગોષ્ઠિમાં સર્જનાત્મક, સ્વાધ્યાય, પ્રવૃત્તિ, પ્રદર્શન, નિદર્શન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થી કેન્દ્રી આયોજન રહેલ છે, જેમાં વિવિધ વકતાઓનું માર્ગદર્શન મળનાર છે. સંગોષ્ઠિમાં દિનુભાઈ ચુડાસમાના સંકલન સાથે બંને સંસ્થાઓ ખાતે મળી ૨૪ લોકશાળા સંસ્થાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાશે.

માર્કેટીંગ યાર્ડ પાસેથી આધેડના ખીસ્સામાંથી મોબાઈલ ગાયબ

ભાવનગર : શહેરના સ્વપ્નસાકાર સરસ્વતી સોસાયટીમાં રહેતા રવીભાઈ જીલુભાઈ ખોરાસીયાએ બોરતળાવ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી કે, તેઓ ગત તા. ૪.૧૨ના રોજ માર્કેટીંગ યાર્ડમાં શાકભાજી લેવા માટે ગયા હતા. ત્યારે તેઓના શર્ટના ઉપરના ખીસ્સામાં રાખેલ મોબાઈલ કોઈ શખ્સ સેરવી ચોરી કરી નાસી છુટ્યો હતો. બનાવ સંદર્ભે પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી હતી.

વલ્લભીપુરના પાટણા ગામના ખેડૂતોને જમીન સંપાદનનું વળતર ચૂકવવા માંગણી

ખેડૂતોને અન્યાય | છ વર્ષ થયા છતાં નર્મદા નિગમે કશુ આપ્યુ નથી

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર જિલ્લાનાં વલભીપુર તાલુકાનાં પાટણા ગામના ખેત વિસ્તારમાં માંથી પસાર થતી લીંમડી બ્રાન્ચની ડિસ્ટ્રી કેનાલ એલ.ડી. ૧૭ કેનાલનું વર્ષ ૨૦૧૪-૧૫માં વર્ષ કનાલ બનાવતી વખતે તેની સાથે જ કેનાલની બાજુમાં સર્વિસ રોડ બનાવવામાં આવ્યો હતો. ત્યારે બાદ વર્ષ ૨૦૨૧માં એ જ સર્વિસ રોડ બનાવવા માટે જમીન સંપાદનનું જાહેર નામું બહાર પાડવામાં આવતા ખેડૂતો સાથે મોટી છેતરપીંડી કરાઈ હોવાની જાણ થઈ હતી.

પાટણા ડિસ્ટ્રી કેનાલ રોહિશાળા, ચકમપર (તા.જિ.બોટાદ) અને પાટણા ગામમાંથી પસાર થતી હોય આ કેનાલના સર્વિસ રોડના બહાને છ-છ વર્ષ સુધી ખેડૂતોને કોઈ પણ જાતનું વળતર કે સહાય આપ્યા વગર નર્મદા નિગમે ગેરકાયદે જમીનનો ઉપયોગ કર્યો હતો.

આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી અસરગ્રસ્ત ખેડૂતોને નર્મદા નિગમ દ્વારા વાપરેલી જમીનની ૬ વર્ષની પાક નુકશાની અને ૬ વર્ષ સુધીના ખેત જમીન વળતરની મૂળ રકમ ઉપરાંત ૬ વર્ષ સુધીની વ્યાજ સહિતની ચૂકવણી કરવા તા.૨૩-૯-૨૧ના રોજ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ અને ગુજરાત સરકારના મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. તેના સંદર્ભે સરદાર સરોવર નિગમ લિમિટેડના તા.૦૩-૦૧-૨૨ના પત્રમાં પોતાનો લુ બચાવ કરી જણાવેલ કે પાટણા ડિસ્ટ્રી એલ.ડી.૧૭નું બાંધકામ શરૂ કર્યા બાદ ધ્યાને આવેલ કે સંપાદન કરવામાં આવેલ જમીનમાં સર્વિસ રોડની જમીન સંપાદન કરવાનું શરતચૂકથી રહી જવા પામેલ છે. સરકારનાં ધારાધોરણ મુજબ કબજો લીધા તારીખથી એટલે કે કામગીરી કર્યા તારીખથી આજ દિન સુધીનું નિયમ અનુસાર વ્યાજ તથા વળતર ચૂકવવા પાત્ર થશે તેમ જણાવેલ પણ આ ખાતરી આપ્યાને ૮ મહિના કરતા વધુ સમય વીથી ગયો હોવા છતાં આજે સુધી ખેડૂતોને વળતર આપવામાં આવેલ નથી, તો વહેલી તકે ખેડૂતોને મલવા પાત્ર રકમ ચૂકવવાની માંગણી છે.

રાજ્યની ત્રણ શાળાઓને મંજુરી, તળાજા તલગાજરડા,ખડસલીયા સ્કૂલનો સમાવેશ

જિલ્લાની ૩ શાળાની ૫ વિદ્યાર્થીનીઓનું સિલેશન કરાયું

। તળાજા (સંદેશ બ્યુરો) ।

HDRC અને IBM સંસ્થા દ્વારા સ્ટેમ ફોર ગર્લ્સ પ્રોગ્રામ હેઠળ ઈન્ટર સ્ટેટ હેકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. તે રાજયની ત્રણ શાળાને જ મંજુરી મળી હતી. જેમાં તલગાજરડા, તળાજા ખડસલીયા સ્કૂલનો સમાવેશ થયો હતો. અને પાંચ વિદ્યાર્થીની સિલેકશન કરવામાં આવ્યું હતું.

HDRC અને IBM સંસ્થા દ્વારા સ્ટેમ ફોર ગર્લ્સ પ્રોગ્રામ હેઠળ ઈન્ટર સ્ટેટ હેકાથોનનું આયોજન કરવામાં આવ્યું તેમાં બેંગલોર ખાતે અલગ અલગ રાજયોમાંથી આવેલ બાળકો ગ્રુપ દ્વારા ગ્રીન હેકથોન ની પ્રવુતિ કરશે નવા આઈડિયા મુજબ પ્રોજેક્ટ ત્યાર કરશે અને તેમનું પ્રેઝન્ટેશન કરશે તેમાં ગુજરાત રાજ્ય માંથી ભાવનગર જિલ્લાની

૩ શાળાની ૫ વિદ્યાર્થીનીઓનું સિલેશન કરવામાં આવ્યું હતું. તેમાં મોડેલ તલગાજરડા, મોડેલ સ્કૂલ તળાજા , સરકારી માધ્યમિક શાળા - ખડસલિયા શાળામાંથી સેજલબા ગોહિલ ,રાધાબેન ગોહિલ તેમની સાથે નોડલ ઓફિસર તરીકે વંદના ગોસ્વામી ,(આચાર્ય GES-૨) ની પસંદગી કરવામાં આવી છે.

બોટાદ પંથકના પરિણીતા ઉપર પતિ અને સાસુએ ત્રાસ ગુજાર્યો

। ભાવનગર ।

બોટાદના સજેલી ગામે પિયરમાં રહેતા અને સુરતના નાના વરાછા, શક્તિ વિજય સોસાયટીમાં સાસરી ધરાવતા પરિણીતા આશાબેન સુરેશભાઈ પરમારે બોટાદ મહીલા પોલીસ મથકમાં તેના પતિ સુરેશ નાનજીભાઈ પરમાર અને સાસુ મધુબેન સામે ફરીયાદ નોંધાવી હતી કે, તેણીના લગ્નજીવન દરમિયાન તેના પતિએ તેણી પર શંકા કુશંકા કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. જ્યારે સાસુએ તું સાડી નથી પહેરતી કેમ ડ્રેસ પહેરે છે. તેમ કહી મેણા ટોણા મારી બન્નેએ શારિરીક માનસીક ત્રાસ ગુજાર્યો હતો. ઉક્ત ફરીયાદ અનુસંધાને પોલીસે ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી હતી.

ભાવનગર નાગરિક સહ. બેન્કનાં ૬૯માં સ્થાપના દિનની ઉજવણી: રક્તદાન કેમ્પ

નાગરિક બેન્કની સફળતા સમર્પિત સંચાલકોને આભારી છે : પી.કે.લહેરી

। ભાવનગર ।

શ્રી ભાવનગર નાગરિક સહકારી બેન્કના ૬૯મો સ્થાપના દિન નિમિત્તે બેન્કની મુખ્ય કચેરી ડોન ચોક શાખાના મોરારજી દેસાઈ ભવનમાં ખાતે દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સ્થાપનાદિને મુખ્ય મહેમાન પદે ગુજરાતનાં પૂર્વ મુખ્ય સચિવ પી.કે.લહેરી ખાસ ઉપસ્થિત રહેલ. આ રક્તદાન કેમ્પમાં એડવોકેટ સંજયભાઈ પરાજંપે ૧૮૪મી વખત અને બેન્કનાં રીકવરી ઓફીસર ભાવેશ ગાંધીએ ૯૯મી વાર રક્તદાન કરી રેકોર્ડ બનાવ્યો હતો. તેમજ બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્ય ધીરૂભાઈ કરમટીયા, દર્શનાબેન જોષી, ચૈતાલીબેન પટેલે પણ રક્તદાન કર્યુ હતુ. આ ઉપરાંત બેન્કનાં ગ્રાહકો, સભાસદો અને શુભચિંતકોએ પણ રક્તદાન કરેલ. રક્તદાન કરનાર રકતદાતાઓને બ્લડ બેન્ક તથા બેન્ક તરફથી સ્મૃતિભેટ અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે પી.કે.લહેરીએ જણાવ્યું હતું કે સહકારી બેન્કોને જો સમર્પિત ભાવનાવાળા સંચલાકો હોય તો જ સફળતા મળે છે અને સદભાગ્યે ભાવનગર નાગરિક સહકારી બેન્ક જે જવલંત સફળતા પ્રાપ્ત થઈ છે તેનું કારણ સમર્પિત સંચાલકો અને તેમનું નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકતા પૂર્વકનાં

જીવનને આભારી છે.

પી.કે.લહેરીએ વધુમાં જણાવ્યું હતું કે સહકારી બેન્કોએ મોટા મોટા ધીરાણો આપવાના બદલે નાના નાના વેપારીઓને તેમજ લારી ગલ્લા વાળાઓને નાના નાના ધીરાણો આપવા જોઈએ અને તેના થકી જે આર્થિક વ્યવહારો થશે રૂપિયો ફરતો થશે અને માર્કેટમાં રૂપિયો જે રીતે ફરશે તેનાથી ખૂબ જ ફાયદો થશે અને ગરીબ અને મધ્યમ તેમજ નાના વેપારીઓનું જનજીવન ખૂબ જ મહત્વપૂર્ણ દિશામાં આગળ વધશે. પી. કે.લહેરીએ દેશ અને વિશ્વના અર્થતંત્રના આટાપાટા બેકીંગક્ષેત્રનાં પડકારો અને મેનેજમેન્ટની ભૂમિકા ઉપર અભ્યાસપૂર્ણ વકતવ્ય આપ્યું હતું.

સંજયભાઈ પરાજંપે રેકોર્ડ બેક તતા ભાવેશભાઈ ગાંધીએ ૯૯મી વખત બ્લડ ડોનેટ કરવા ઉપરાંત બ્લડ બેન્કમાં વર્ષોથી અવિરત સેવા પુરી પાડનાર ડો.નીલુભાઈ વૈષ્ણવ તેમજ પ્રમુખસ્વામિ શતાબ્દી મહોત્સ-અમદાવાદમાં સેવા આપનાર બેન્કના ડિરેક્ટર કમલેશભાઈ મહેતા ઉપરાંત બેન્કની શાખાઓ પૈકી ટાર્ગેટ એચીવ કરનાર અને વ્યક્તિદીઠ મહત્તમ બીઝનેસ કરતી કૃષ્ણનગર, ઘોઘા રોડ, રામમંત્રમંદિર અને વડવા શાખાનાં મેનેજરો અનુક્રમે પરાગભાઈ મણીયાર, સંજયભાઈ જોષી, પુનિતાબેન ગુંદીગરા અને મનોજભાઈ શાહને બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે અંધઉદ્યોગ શાળાના સી.ઈ.ઓ. લાભુભાઈ સોનાણી તથા બેન્કના ડીરેક્ટર પ્રવીણભાઈ પોંદા (કવિ ચાંદ) દ્વારા પી.કે.લહેરીને પુસ્તિકા અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે જનરલ મેનેજર નરેન્દ્રભાઈ વેગડ, ભાવેશભાઈ ગાંધીએ ઉદબોધન કર્યુ હતુ. વાઈસ ચેરમેન મહેન્દ્રભાઈ બારૈયાએ આભારવિધિ કરી હતી.

નારી એકતા સખી મંડળ દ્વારા ૧૬મી ફેબ્રુઆરીએ સમૂહ લગ્ન

। ભાવનગર ।

નારી એકતા સખી મંડળ દ્વારા સુભાષનગર વર્ષા સોસાયટી સામે શહેર ફરતી ખાતે ૧૬-૨-૨૦૨૩ના રોજ ગુરૂવારના રોજ સવા જ્ઞાતતનો પાંચમો સમૂહ લગ્ન યોજાશે જેમાં ૩૨ નવયુગલો પ્રભુતામાં પગલા માંડશે. વિશેષમાં આ સમૂહ લગ્નની અંદર ૩૨ નવયુગલામાં મા-બાપ વિહોણી દીકરીઓ અને તે સિવાયના વિકલાંગતા ધરાવતા અતિ ગરીબ પરીવાર નવયુગલોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અગાઉ આ મંડળ દ્વારા ૧૦૧ દીકરીઓના સમૂહ લગ્ન કરાવીને સરકારની કુવરબાઈનુમામેરૂ તથા સમુહલગ્ન સાત ફેરા યોજના બંને યોજનાના અંદાજે ૧૭ લાખ રૂપિયાનો લાભ પણ અપાવેલ છે. તેવી આ ભાવનગરની પ્રથમ સમૂહ લગ્ન સંસ્થા છે તો આ સમૂહ લગ્નમાં સર્વ જ્ઞાતિના વડીલો માતાઓ બહેનો યુવક અધિકારીઓ તથા અધિકારીઓ મંડળ તથા દરેક રાજકીય પદ અધિકારીઓ સહયોગ હોય છે.

શહેરની મોટી શાક માર્કેટમાંથી આધેડનો મોબાઈલ ચોરાયો

ભાવનગર : સુભાષનગરની શિવ સોસાયટીમાં રહેતા પ્રવિણભાઈ પોપટભાઈ યાદવે ગંગાજળીયા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી કે, તેઓ ગત તા. ૧૧.૨ના રોજ બપોરે શહેરની ગંગાજળીયા મોટી શાક માર્કેટમાં શાકભાજી લેવા માટે ગયા હતા. તે વેળાએ કોઈ શખ્સ તેઓની નજર ચુકવી ખીસ્સામાંથી મોબાઈલની ચોરી કરી નાસી ગયો હતો.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

અગત્યની જાહેરાત

મંડળ દ્વારા તાંત્રિક સંવર્ગની સીધી ભરતી માટેની જાહેરાત ક્રમાંક: ૨૦૨/૨૦૨૨૨૩– એંજીનીયરીંગ સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨, વર્ગ–૩ સંવર્ગની મુખ્ય પરીક્ષાની તારીખ અને કોલ–લેટર ડાઉનલોડ કરવા માટેનો કાર્યક્રમ તા. ૧૪/૦૨/૨૦૨૩ ના રોજ મંડળની વેબસાઇટ "https:// gsssb.gujarat.gov.in" પર મુકવામાં આવેલ છે. જે જોઈ લેવાની રહેશે. ઉક્ત કાર્યક્રમ અનુસાર પ્રશ્નપત્ર–૧ અને પ્રશ્નપત્ર–૨ ના કોલ લેટર તા. ૧૫/૦૨/૨૦૨૩ ના રોજ બપોરના ૧૪–૦૦ કલાકથી રોલ નં. 202000001 થી 202000325 ના ઉમેદવારો તા. ૨૫/૦૨/૨૦૨૩ તથા રોલ નં. 202000326 202000643 ના ઉમેદવારો તા. ૨૬/૦૨/૨૦૨૩ દરમ્યાન રીપોર્ટિંગ સમય સુધી ડાઉનલોડ કરી શકશે. જેથી ઉક્ત પરીક્ષા માટેના કોલ–લેટર નિયત સમયમર્યાદામાં ડાઉનલોડ કરી લેવા સંબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

સચિવ
તારીખ : ૧૫-૦૨-૨૦૨૩ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
સ્થળ : ગાંધીનગર (માહિતી/૨૪૭૪/૨૨-૨૩) ગાંધીનગર

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત રાજ્યકક્ષાની ચિત્રકલા સ્પર્ધા

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી સંદર્ભે "મીઠાનો સત્યાગ્રહ" વિષય પર ઓનલાઈન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં ગુજરાતના વતની એવા ૩૫ વર્ષ કે તેથી વધુ ઉમરના કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધકે "મીઠાનો સત્યાગ્રહ" વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી આ કચેરી દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મમાં જરૂરી વિગતો ભરીને તા.૨૦/૦૨/૨૦૨૩ સવારે ૧૨.૦૦ કલાકથી તા.૨૪/૦૨/૨૦૨૩ સાંજે ૦૬.૦૦ કલાક સુધીમાં જે.પી.જી. ફોર્મેટમાં (gslka.azadi@gmail.com) ઈ-મેઈલ એડ્રેસ પર ફોર્મ તથા કૃતિ ઈ-મેઈલ દ્વારા મોકલવાની રહેશે. સ્પર્ધામાં વિજેતા થયેલ ૩ વિજેતાઓને પ્રથમ ઈનામ રૂ.૧૦,૦૦૦/-, દ્વિતીય ઈનામ રૂ.૭,૦૦૦/- અને તૃતિય ઈનામ રૂ.૫,૦૦૦/- આપવામાં આવશે. આ સ્પર્ધાના નિયમો તથા સ્પર્ધાનું ફોર્મ વેબસાઈટ lalitkalaacademy.gujarat.gov.in પરથી અથવા gslka.azadi@gmail.com ઈ-મેઈલ એડ્રેસ પર મેઈલ કરીને મેળવી શકાશે. જરૂર જણાયે આ કચેરીનો ફોન નં. ૦૭૬-૨૬૪૨૫૫૬૨ પર સંપર્ક કરી શકાશે.

(ટી.આર.ટેસાઈ)
સચિવ
ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી
અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૭૬૫/૨૦૨૩

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફીસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર,અંધેરી કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૯, ઈન્ડિયા

બ્રાંચ ઓફીસ : ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીવમુર્તી સ્કુલ સામે, ચાવાચાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨.
(જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮ (૬) હેઠળ સ્થાવર અસ્કયામતનું ઈ-ઓકશન વેચાણ નોટીસ

કરજદારો અને જામીનદારોને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સ્થાવર મિલકત કે જે સુરક્ષિત લેણદાર પાસે ગીરો મુકેલ છે, તેનો પ્રત્યક્ષ કબજો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. નીચે સહી કરનારે જ્યાં છે જેમ છે અને જે છે એ આધારે અહી નીચે સૂચિતમાં જણાવેલ સ્થાવર મિલકતની વેચાણ કરવામાં આવશે

અનુ નં. (એ)	દેવાદાર/કે, સહદેવાદાર/કે જામીનદારોના નામ/ લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલકતની વિગત (સી)	બાકીની રકમ ₹ માં (ડી)	અનામત કિંમત (₹ માં) / બયાના કરવાની બાકીની રકમ (₹ માં) (ઈ)	મિલકત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	હરાજીની તારીખ અને સમય (જી)
૧.	હરેશભાઈ હરજીવનભાઈ ચોહલ્લા (દેવાદાર) ઉષાબેન હરેશભાઈ ચોહલ્લા (સહ-દેવાદાર) લોન અકાઉન્ટ નં. LHRAJ00001325646	પ્લોટ નં. ૬૩ પી, ઉત્તર બાજુ, નારાયણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.	₹ ૮,૩૨,૮૧૩/- (૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૩)	₹ ૧૦,૬૧,૯૬૦/- / ₹ ૧,૦૬,૧૯૬/-	૦૨ માર્ચ, ૨૦૨૩ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૦૬ માર્ચ, ૨૦૨૩ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦

ઓનલાઈન હરરાજી અમારી ઓકશન એજન્સી 'ગ્લોબ ટેક' ની વેબસાઈટ (URL Link-/https://BestAuctionDeal.com) પર યોજાશે. ગીરો મુકનારને ૦૩-૦૩-૨૦૨૩ના સોજે ૦૫-૦૦ વાગ્યા સુધી બાકી રકમ તથા તેના પરનું વ્યાજ ભરી જવા માટે છેલ્લી તક છે જો તેમ નહી થાય તો ગીરો મિલકત તેના નકકી કરવામાં આવેલ કાયદેસર મુજબ વેચી દેવામાં આવશે.

ઈચ્છુક બીડરોએ ઉપરોકત જણાવેલ બાનાની રકમ જે કોલમ નં. (ઈ)માં જણાવેલ છે તે રકમ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીવમુર્તી સ્કુલ સામે, ચાવાચાડી રોડ, ભાવનગર-૩૧૪ ૦૦૧. તે ૧૭-૦૩-૨૦૨૩ બપોરે ૦૪-૦૦ વાગ્યા પહેલા મળે તે રીતે જમા કરાવવી. જો ઈચ્છુક બીડરો અનિવાર્ય કારણોસર તેમની ઓફર ઉપરોકત જણાવેલ ટાઈમ દરમ્યાન મોકલી ન શકે તો ટેન્ડર દસ્તાવેજની સાથે કરેલી કોપી આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીવમુર્તી સ્કુલ સામે, ચાવાચાડી રોડ, ભાવનગર-૩૧૪ ૦૦૧. આતે ત્યારે જ અથવા ૧૭-૦૩-૨૦૨૩ના રોજ સોજે ૦૫-૦૦ વાગ્યા પહેલા રજુ કરવાની રહેશે. ઈએમડી, ડીડી, નેશનલાઈઝ અથવા શીડયુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ-ઓકશન નામનો અને નવરંગપુરા ખાતે ચુકવવી થાય તેવો હોવો જોઈએ.

નિરીક્ષણ, હરરાજીની શરતો અને નિયમો, ટેન્ડર્સ સુપ્રત કરવા, વિગેરે અંગેની વધારે સ્પષ્ટતા માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ લીમીટેડના મોબાઈલ નં. ૭૦૨૧૦૭૨૮૬૯ ઉપર સંપર્ક કરવો. અને અમારા સેલ્સ અને માર્કેટીંગ પાર્ટનર નેકસજેન સોલ્યુસન્સ પ્રાઈવેટ લીમીટેડ.

સત્તાવાર અધિકારીને કોઈપણ બીડ રદ કરવાનો કોઈપણ પ્રકારના કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર છે.

વેચાણની શરતો અને નિયમોની વધારે માહિતી જોઈતી હોય તો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની વેબસાઈટ https://www.icicihfc.com/ પર જવું

તારીખ : ૧૫-૦૨-૨૦૨૩ અધિકૃત અધિકારી,
સ્થળ : ભાવનગર આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

નોટિસ

એડલ્વાઈસ આલ્ટરનેટિવ એસેટ એડવાઈઝર્સ લિમિટેડ (ઈએએએ)

સીઆઈએન:U67190MH2008PLC182205
એડલ્વાઈસ હાઉસ, ઓફ સી.એસ.ટી. રોડ, કલિના, મુંબઈ-૪૦૦ ૦૯૮

બ્લ્યૂ બ્લેન્ડ્સ (ઈન્ડિયા) લિમિટેડના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સનું વેચાણ

ઈએએએ (તેના એક વૈકલ્પિક રોકાણ ફંડો સંબંધે) બ્લ્યૂ બ્લેન્ડ્સ (ઈન્ડિયા) લિમિટેડના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સના પ્રસ્તાવિત વેચાણ માટે રૂ. ૧૨ કરોડની લઘુતમ રકમ માટે સંભવિત રોકાણકારો/અન્ય પાર્ટીઓ પાસેથી બિડો આમંત્રિત કરે છે. આ પ્રસ્તાવિત વેચાણ **"જે છે ત્યાં છે અને જે છે તે છે"** આધારિત તથા **"વિઝાઈટ રિકોર્ડ આધારે"** બિડ જમા કરવાની અંતિમ તારીખ રજુ માર્ચ, ૨૦૨૩ છે. સંભવિત રોકાણકારો /રસ ધરાવતી પાર્ટીઓને "અભિરૂચિની અભિવ્યક્તિ" દ્વારા ભાગ લેવાની ઈચ્છા બાબતે જાણ કરવા સૂચિત કરવામાં આવે છે તથા આ બાબતે વધુ માહિતી માટે શ્રી વિષ્ણુ ગુપ્તા (મેલ આઈડી- vishnu.gupta@edelweissalts.com, મોબાઈલ : ૦૮૨૦૦૮૩૦૭૦) કે શ્રી ઝુબિન ડેહિયા (મેલ આઈડી- zubin.dedhia@edelweissalts.com, મોબાઈલ-૯૯૩૦૮૬૨૪૮૪)નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

એડલ્વાઈસ આલ્ટરનેટિવ એસેટ એડવાઈઝર્સ લિમિટેડ વતી
સહી/-
અધિકૃત સહીકર્તા

મુંબઈ, ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૩

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
GEDA
બ્લોક નં.૨, ૭મો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર

જાહેર નોટીસ "પોલીસી ફોર ડેવલોપમેન્ટ ઓફ સોલ સ્કેલ ડીસટ્રીબ્યુટેડ સોલાર પ્રોજેક્ટસ – ૨૦૧૯" જેડા કચેરીએથી રજીસ્ટ્રેશન ચાર્જ પરત મેળવા બાબત.

તા.૧૪.૦૨.૨૦૨૩

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ (GUVNL) ની જાહેર નોટીસ તા. ૦૯.